૪/૨/૨૦૦૪

# જંગલ અને આદિવાસીઓના જીવનનો નાશ કોણ કરી રહયું છે ? :

# સુરપાણેશ્વર અભયારણ્યનો કિસ્સો

તૃપ્તિ પારેખ, આર્ચ–વાહિની

દેશની સર્વોચ્ચ અદાલતે 'વન કેસ' તરીકે જાણીતા ગોદાવર્મન કેસ (રીટ પીટીશન નં. ૨૦૨/૯૫) દરમ્યાન ૨૦૦૨માં કેન્દ્રીય સશકત સમિતિ ( Central Empowered Committee) ની રચના કરી હતી. ૧૯૯૫ થી આ કેસની સુનાવણી દરમ્યાન પર્યાવરણ અને જંગલને લગતા સેંકડો મુદ્દાઓ ઊભા થતા ગયા છે અને સર્વોચ્ચ અદાલતે અનેક હુકમો અને સૂચનો આપ્યા છે. એ હુકમોનું બરાબર પાલન થઈ રહયું છે કે નહી એ અથવા પર્યાવરણ અને જંગલ નાશના કોઈ બનાવો બની રહયા હોય તો એ અંગે તપાસ કરવા માટે અને જરૂર પડે યોગ્ય નિર્ણય કરવા માટે અદાલતે આ સમિતિની રચના કરી છે. આમ, આ સમિતિ સર્વોચ્ચ અદાલતની જવાબદારી de facto વહન કરી રહી છે. આ સમિતિના પાંચ સભ્યો છે : ૩ વન મંત્રાલયના અધિકારીઓ અને ૨ જાણીતા પર્યાવરણવાદીઓ.

આ પૂર્વભૂમિકા સાથે હવે આપણે સૂરપાણેશ્વર અભયારણ્ય તરફ વળીએ.

નર્મદા જિલ્લામાં આવેલા સુરપાણેશ્વર અભયારણ્યમાંથી ૧૯૬૦ માં ગુજરાત સરકારે કરેલા લીઝ કરાર અન્વયે પ્રત્યેક વર્ષ હજારો ટન વાંસ સેન્ટ્રલ પલ્પ મિલ કાપી લઈ જતી હતી. આ કરાર નવેમ્બર, ૨૦૦૦ માં પૂરો થતો હતો. સર્વોચ્ચ અદાલતે ગોદાવર્મન કેસની સુનાવણી દરમ્યાન ફેબ્રુઆરી ૨૦૦૦ માં દેશના કોઈપણ અભયારણ્ય કે રાષ્ટ્રીય વન ઉદ્યાનમાંથી સુકાઈ ગયેલ, પડી ગયેલ ઝાડ કે એનું ડાળખું, સળી કે ઘાસ વિગેરે સુધ્ધા ઉઠાવવાની સ્પષ્ટ મનાઈ ફરમાવી. સર્વોચ્ચ અદાલતના આ સ્પષ્ટ હુકમ પછી ગુજરાત સરકારે અભયારણ્યમાંથી વાંસ કાપી લઈ જવાનો મિલ સાથેનો લીઝ કરાર વધુ ૧૦ વર્ષ માટે લંબાવ્યો.

જેથી, આર્ચે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન (સ્પે. સી.એ. ૨૯૫૨/૨૦૦૧) કરી અને ગુજરાત સરકારના આ નિર્ણયની કાયદેસરતા પડકારી. ત્યારબાદ આર્ચે ૨૦૦૩ માં કેન્દ્રીય સશકત સમિતિને અરજી (ક્ર. ૨૦૯/૨૦૦૩) કરી. સમિતિએ આ અરજી પરની દલીલો સાંભળીને તા.૨૧/૧૦/૨૦૦૩ ના રોજ ગુજરાત સરકારને કોઈપણ અભયારણ્ય / રાષ્ટ્રીય ઉદ્યાનમાંથી વન પેદાશોનો લઈ જવા સામે પ્રતિબંધ ફરમાવ્યો છે. સુરપાણેશ્વર અભયારણ્યમાંથી વાંસ કાપવા અને વહી જવા પર તાકીદનો મનાઈ હુકમ ફરમાવ્યો છે. સાથે જ ગુજરાત સરકારને સ્પષ્ટ જણાવ્યું છે કે આ હુકમનું પાલન નહી કરવામાં આવે તો એ અદાલતનો અનાદર ગણાશે અને એ સામે કડક પગલાં લેવામાં આવશે.

કેન્દ્રીય સમિતિએ સુરપાણેશ્વર અભયારણ્યમાંથી વાંસ કટાઈ પર તાકીદનો સ્પષ્ટ પ્રતિબંધ મુકી દીધો એ ખૂબ સારા સમાચાર છે. પરંતુ, સમિતિએ આર્ચની અરજીમાં ઉઠાવેલ પાયાના કાયદાકીય મુદ્દાઓને નજરઅંદાજ કર્યા છે અને ભ્રષ્ટાચારને લીધે બોલેલા વાંસના ખુડદા અને લોકોના જીવન સામે ઊભા થયેલા મોટા ખતરા સામે આંખ આડા કાન કર્યા છે. નામદાર સર્વોચ્ચ અદાલતના સ્પષ્ટ હુકમ હોવા છતાં મીલ સાથેનો લીઝ કરાર બીજા ૧૦ વર્ષ લંબાવીને ગુજરાત સરકારે નામદાર સર્વોચ્ચ અદાલતનો અનાદર કર્યો છે, અને વન્ય પ્રાણી અધિનિયમનો ભંગ કર્યો છે. તેથી આ લીઝ કરાર રદ કરો અને જે તે જવાબદાર અધિકારીઓને 'અદાલતના અનાદર' ના ગુના હેઠળ કસુરવાર ઠેરવો – એ આર્ચની સમિતિ સામેની મુખ્ય રજુઆતો હતી. જે અંગે સમિતિએ સંતોષજનક નિર્ણય લીધા નથી એવું અમને લાગે છે.

સમિતિ સામે કરેલી આ અરજી આર્ચે ગુજરાત હાઈકોર્ટમાં ૨૦૦૧ માં દાખલ કરેલી રીટ પીટીશનનો ફણગો હતી. હકીકતમાં 'સુરપાણેશ્વર અભયારણ્ય' માં થઈ રહેલી વાંસ કટાઈ નો પ્રશ્ન ૧૯૯૪–૯૫ થી ઉઠેલો છે.

## <u>પ્રશ્ન શું છે ?</u>

નર્મદા જિલ્લાના દેડિયાપાડા અને રાજપીપળા તાલુકાનાં આશરે ૧૦૦ જેટલાં ગામોના ૬૧,૦૦૦ હેકટર વિસ્તારને ત્રણ તબકકામાં થઈને છેવટે ૧૯૮૯ માં સુરપાણેશ્વર અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યો. આ ગામોમાં બધું મળીને આશરે ૪૦,૦૦૦ આદિવાસીઓ રહે છે. ૧૯૬૦ માં ગુજરાત સરકાર અને સોનગઢ સ્થિત સેન્ટ્રલ પલ્પ મિલ વચ્ચે એક લીઝ કરાર થયેલો, જે મુજબ ડાંગ, વ્યારા, સુરત વિસ્તારો તથા રાજપીપળા વન વિભાગ હસ્તકના વિસ્તારોમાંથી પ્રત્યેક વર્ષે નહીવત રોયલ્ટી ચુકવીને સને ૨૦૦૦ ની સાલ સુધી, એટલે કે ૪૦ વર્ષ સુધી, લાખો ટન વાંસ કાપી લઈ જવાનો પરવાનો પેપર મિલને આપવામાં આવ્યો. બનવાજોગ અભયારણ્ય તરીકે જાહેર કરેલો વિસ્તાર લીઝ હેઠળના વિસ્તારના ભાગરૂપ છે. જ્યારે અભયારણ્ય જાહેર કરવામાં આવ્યું, ત્યારે અભયારણ્ય વિસ્તાર પૂરતો લીઝ કરાર રદ કર્યો નહી કે એટલો વિસ્તાર લીઝમાંથી બાકાત કરવામાં આવ્યો નહી.

અભયારણ્ય જાહેર થયું ત્યારે સેન્ટ્રલ પલ્પ મિલ ૧૯૮૬ થી ફડચામાં ગઈ હોવાથી વાંસ કટાઈનું કામ ઠપ્પ હતું. ૧૯૯૧ માં જે.કે. પેપર મિલે જૂની મિલને ખરીદી લીધી અને કારોબાર હાથમાં લીધો. સરકારે લીઝ મુજબ વાર્ષિક પરવાનગી આપવાનું ચાલુ કર્યું અને ફરીથી હજારો ટન વાંસ કપાવા શરૂ થયા. એ સમયે આ વિસ્તાર અભયારણ્ય બની ચૂકેલો હતો. પેઢીઓથી આ વિસ્તારમાં રહેતા સ્થાનિક આદિવાસીઓના પાયાના હકકો અભયારણ્યના નામે છિનવી લેવામાં આવ્યા અને ગામોના રસ્તા, વીજળી,

જેવા વિકાસના કામો પર રોક આવી ગયો. ત્યારે પણ જે.કે. પેપર મિલને હજારો ટન વાંસ કાપવાનો પરવાનો આપવાનું ચાલુ રહયું. વાંસ વહી જવા માટે ઊંડાણનાં જંગલોમાં ઝાડો કાપીને પણ અનેક આંતરિક રસ્તાઓ કરવાની મંજુરી વર્ષોવર્ષ અપાતી રહી. ૨૦૦૦ માં લીઝ ખતમ થતી હતી તેથી મિલે ઉબે ને ઝુંબે વાંસ કાપવા શરૂ કર્યા. લોકોનો અનુભવ હતો કે સુરત –વ્યારાના જે વિસ્તારોમાં મિલે ભૂતકાળમાં વાસ કાપેલા, તે વિસ્તારો તદ્દન બોડા બની ગયા હતા. સુરપાણેશ્વર અભયારણ્યનાં ગામોમાં માંડ માંડ બચેલા વાંસનો ખુડદો બોલી જશે, આવતી પેઢી માટે વાંસ જોવાય નહી મળે એવી લોકોને મોટી દહેશત હતી. આદિવાસીઓએ વાંસ વહી જવા સામે મોટો વિરોધ કર્યો. વાંસ લઈ જતી ટ્રકો રોકી. આર્ચે અને આદિવાસી પ્રતિનિધિઓએ મળીને ગુજરાત હાઈકોર્ટમાં લીઝ કરાર અને વાર્ષિક પરવાનગીની કાયદેસરતા પડકારી.

૧૯૯૫માં ગુજરાત હાઈકોર્ટના એક ન્યાયાધીશે વાંસ કટાઈ પ્રકરણ અંગે સીબીઆઈને તપાસ સોંપી. સીબીઆઈએ તપાસ બાદ સરકારના અને મિલના અનેક અધિકારીઓને દોષિત ઠેરવ્યા અને તેમની સામે હાઈકોર્ટમાં ફરિયાદ નોંધાવી. અલબત, સખેદ નોંધ લેવી  રહી કે હાઈકોર્ટે સીબીઆઈ તપાસના અહેવાલને ફકત ટેકનીકલ કારણોસર ફગાવી દીધો. અને ૩ વર્ષ સુધી કેસ ચાલ્યો ત્યારે કાયદાકીય અને અન્ય પાયાના મુદ્દાઓની ઊંડાણમાં પણ ગયા વગર ૧૯૯૮ માં કેસ કાઢી નાખ્યો. 'વર્ષો વર્ષ ટનબંધ વાંસ કાપવાથી વન્યપ્રાણીઓને ફાયદો થઈ રહયો છે' એવી સરકારની દલીલને કોર્ટે જાણે કે સ્વીકારી લીધી. છેવટે, સરકારે એક પાનાની એફીડેવીટ કરી કે અભયારણ્ય વિસ્તારમાં મિલને પ્રવેશવા દેવામાં આવશે નહી અને સરકાર ખાતાકીય રાહે વાંસ કાપશે. કોર્ટે આ એફીડેવીટ માન્ય રાખી. કોર્ટે એ પણ દલીલ કરી કે આમ પણ ૨૦૦૦ ની સાલમાં તો કરારનો અંત આવે છે. તેથી બે  વર્ષનો જ સવાલ છે. તેથી કેસ કાઢી નાખ્યો. અલબત, ટનબંધ વાંસ કપાતા રહયા અને મિલને પૂરતી માત્રામાં વાંસ મળતા રહયા.

નવેમ્બર ૨૦૦૦ માં લીઝ કરારની અવધિ પૂરી થઈ. પણ કહાણીનો અંત ના આવ્યો. નવેમ્બર ૨૦૦૦માં સરકારે કરાર એક વર્ષ માટે લંબાવ્યો અને જાન્યુઆરી ૨૦૦૧ માં બીજા ૧૦ વર્ષ માટે લંબાવ્યો. વાંસ કટાઈ એકધારી અને વિક્ષેપ વગર ચાલુ રહી. સર્વોચ્ચ અદાલતના ૧૪ ફેબ્રુઆરી, ૨૦૦૦ના હુકમ પછી લીઝને લંબાવવામાં આવી અને વાંસ કટાઈ ચાલુ રહી.  એ અણધાર્યુ તો હતું જ, ચોકાવનારું હતું.

**૧૪ ફેબ્રુઆરી, ૨૦૦૦નો હુકમ હતો :**

"બધા પ્રતિવાદીઓને નોટીસ મોકલવી. દરમ્યાન અમે પ્રતિવાદી નં. ૨ થી ૩૨ (બધી રાજય સરકારો) ને કોઈપણ વન ઉદ્યાનો, અભયારણ્ય કે જંગલમાંથી મૃત, રોગીષ્ટ, મૃતપાય કે પવનથી નીચે પડેલા ઝાડ, લાકડું કે ઘાસ, વિગેરેને હટાવવા માટેના હુકમ કરવા સામે પ્રતિબંધ ફરમાવીએ છીએ. જો કોઈ

પણ પ્રતિવાદી રાજ્યે આવા મતલબનો કોઈ હુકમ કર્યો હોય, તો તેના અમલ સામે તાત્કાલિક મનાઈ ફરમાવીએ છીએ."

૨૮ ફેબ્રુઆરી, ૨૦૦૦ના રોજ ઉપરોક્ત હુકમમાંથી 'જંગલ' શબ્દ કાઢી નાખી અભયારણ્ય અને વન ઉદ્યાન પુરતો દોહરાવ્યો. (પાછળથી જાણવા મળેલ છે કે ૧૪ ફેબ્રુઆરી, ૨૦૦૦નો હુકમ ગુજરાત સરકારના સર્વોચ્ચ અદાલતના વકીલ તરત જ રાજ્યના વન વિભાગના ધ્યાન પર લાવેલા. તેથી અગ્ર મુખ્ય વન સંરક્ષકે નામદાર સર્વોચ્ચ અદાલતના હુકમો અને સૂચનાઓનું કડક પાલન કરવાની સૂચના આપતો તા. ૨૫/૨/૨૦૦૦ ના પત્ર દરેક સંબંધિત અધિકારીને મોકલ્યો. આ પત્ર તત્કાલીન મુખ્ય વન સંરક્ષક (વન્ય પ્રાણી) અને ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન શ્રી જી.એ. પટેલને સંબોધાયેલો હતો.)

ફેબ્રુઆરી, ૨૦૦૦ માં આ બધા બનાવો બનેલા હતા અને ગુજરાત સરકારે નવેમ્બર ૨૦૦૦ માં લીઝ કરાર લંબાવ્યો. એટલું જ નહી, જાન્યુઆરી ૨૦૦૧ માં વળી ૧૦ વર્ષ માટે લંબાવ્યો. એપ્રિલ ૨૦૦૦ માં ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન શ્રી જી.એ. પટેલે સર્વોચ્ચ અદાલતમાં અત્યંત સંદિગ્ધ એફિડેવીટ કરી કે ગુજરાત સરકાર દ્વારા ફેબ્રુઆરી ૨૦૦૦ના હુકમોનું પૂર્ણપણે પાલન થઈ રહ્યું છે. તા. ૧૨/૧૨/'૯૬માં સર્વોચ્ચ અદાલતે આપેલા અન્ય હુકમ અનુસાર વાંસ અને ગૌણ વન પેદાશો રાજ્યના ૬ અભયારણ્યમાંથી લઈ જવાનું ચાલી રહ્યું છે !

આર્ચે એપ્રિલ ૨૦૦૧માં ગુજરાત હાઈકોર્ટમાં રીટ પીટીશન (સ્પે.સી.એ. નં. ૨૯૫૨/૨૦૦૧) દાખલ કરી. ગુજરાત સરકારે મે ૨૦૦૧માં કોર્ટમાં એફીડેવીટ કરી, જેમાં સર્વોચ્ચ અદાલતમાં વાઈલ્ડ લાઈફ વોર્ડને કરેલી અત્યંત સંદિગ્ધ એફિડેવીટનો હવાલો આપ્યો અને દાવો કર્યો કે સર્વોચ્ચ અદાલતે પણ ગુજરાત સરકારના આ વલણને સ્વીકાર્યું છે અને અભયારણ્ય વિસ્તારમાંથી વાંસ લઈ જવા સામે ફરીથી કોઈ સૂચના આપી નથી.

શરૂઆતમાં કોર્ટ આ પીટીશન સાંભળી લેવાની જાણે કે ખૂબ ઉતાવળમાં હતી. સુનાવણીની એક પછી એક ઝડપથી તારીખો પડવા માંડી. તા. ૧૪ ઓગષ્ટ, ૨૦૦૨ના રોજ આર્ચ પીટીશનના પ્રતિવાદી કેન્દ્ર સરકારે કોર્ટમાં એફીડેવીટ કર્યુ. એ સ્પષ્ટ જણાવે છે કે : "નામદાર સર્વોચ્ચ અદાલતે પોતાના ૧૪/૨/૨૦૦૦ અને ૨૮/૨/૨૦૦૦ ના હુકમોથી વન ઉદ્યાનો અને અભયારણ્યોમાંથી ઘાસ સહિતના મૃત કે મૃતપાય વૃક્ષોના હટાવવા સામે વિશેષ પ્રતિબંધ મુકયો છે. જેથી હું સ્વીકારું છું કે હટાવવાની આવી કોઈપણ કામગીરી શરૂ કરતા પહેલાં રાજ્ય સરકારે નામદાર સર્વોચ્ચ અદાલત પાસે દરેક કેસની વિશિષ્ટ હકીકતને ધ્યાનમાં લઈને

પોતાની તરફેણમાં છૂટ માગવી જોઈએ અને ત્યાં સુધી વન ઉદ્યાનો કે અભયારણ્યોમાંથી વાંસની કટાઈ કે વહનની પરવાનગી ન મળે." વળી " હું જરૂર સ્વીકારું છું કે આ નામદાર કોર્ટ સામે જે લીઝનો સવાલ ઊભો થયો છે, તે લીઝ રાજ્ય સરકારે પ્રતિવાદી નં. ૪(કેન્દ્ર સરકારને) જાણ કર્યા વગર આપી છે. હું અલબત સ્પષ્ટ કરું છું કે અભયારણ્યમાંથી વાંસ કટાઈને વન્ય જીવના વ્યવસ્થાપનના હિત માટેની પ્રવૃતિ ગણી શકાય નહી."

હાઈકોર્ટમાં ઝડપથી પડતી તારીખોનો દોર અચાનક અટકી ગયો અને ત્યારબાદ આજ દિન સુધી કેસ અંતિમ સુનાવણી માટે અંકિત થયો નથી કે નથી ગુજરાત સરકાર કે ભૂલ કરનાર અધિકારીઓની કોઈ આલોચના કરવામાં આવી, કે નથી અભયારણ્યને લાગતો વળગતો લીઝ કરાર રદ કરવામાં આવ્યો.

આમ, સરકારના આ કાર્યો વન્ય પ્રાણી અધિનિયમ અને વન અધિનિયમથી વિપરિત છે. એટલું જ નહી, નામદાર સર્વોચ્ચ અદાલતના હુકમોને પણ ઉવેખે છે. જે તે જવાબદાર વન અધિકારીઓના ગેરકાયદેસર કાર્યોની વિગતો તત્કાલીન અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીએ "સુરપાણેશ્વર વન્ય પ્રાણી અભયારણ્યમાંથી વાંસ કટાઈ અંગેની જાહેર હિતની યાચિકા પર એક નોંધ" નામના પોતાના અહેવાલમાં આપી છે. એ અહેવાલ સુરપાણેશ્વર અભયારણ્યમાંથી વાંસ કટાઈ અને વહનની કાર્યવાહી, પરવાનગી અને લીઝ કરાર અંગે આચરાયેલી તમામ ગેરકાયદેસર કાર્યવાહીને બહાર લાવે છે.

કાયદાના ભ્રામક આવરણ નીચે અભયારણ્યમાં 'વન્ય પ્રાણી જાળવણી' નું નાટક ચાલ્યા કરે છે, ત્યારે એક દાયકાથી પણ વધુ સમય સુધી અમુક સ્થાપિત હિતો વ્દારા વાંસનો વિનાશ ચાલ્યા કર્યો અને બીજી બાજુ એ વિસ્તારમાં પેઢીઓથી રહેતા આદિવાસીઓના લગભગ તમામ પ્રણાલિગત અધિકારો પર ગળાટુંપો દઈ દેવામાં આવ્યો. પોતાની જ ભૂમિ પર આદિવાસીઓ બીજા વર્ગના નાગરિકો બની ગયા છે, જયારે વન્ય પ્રાણીઓને વધુ મહત્તા અને પ્રતિષ્ઠા આપવામાં આવ્યા છે. રસ્તા, વીજળી વિગેરે બધાં જ વિકાસનાં કામો બંધ કરી દેવામાં આવ્યાં છે. એટલું જ નહી, જમીન અને જંગલના વિકાસ માટેના જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ કે સહભાગી વન વ્યવસ્થા જેવાં કામો પર પણ પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. અભયારણ્ય જાહેર થયા પહેલાની એમની કબજા હકક હેઠળની જમીનો પર માલીકી હકકો નકારવામાં આવી રહયા છે. કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રાલયે એમના ખેડાણો નિયમિત કરવાનો ઈન્કાર કરી દીધો છે. આખો વિસ્તાર હંમેશની જેમ અણવિકસિત રહયો છે અને આદિવાસીઓને જંગલથી વધુ વિમુખ કરવાથી અભયારણ્ય વધુ વૃક્ષરહિત બનતું જાય છે.